ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૪૦.૨ ડીગ્રી
લઘુતમ : ૨૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૬ ટકા ● સાંજે ૨૬ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં એક દિવસમાં ૬૧૯ રેપીડ ટેસ્ટ કરાયા

સેકટર-૨૧, ૨૪, ૨૮, ૨૯ અને સચિવાલયમાં ટેસ્ટ કરાવવા નાગરીકોની લાઈન

ગાંધીનગર, તા.૩૦

પાટનગરમાં ફરીવાર કોરોના કોહરામ મચાવી રહ્યો છે. દિવસે ને દિવસે કોરોના સંક્રમણના કેસ સતત વધારો થઈ રહ્યો છે. કેસમાં ઉછાળો જોઈને આરોગ્ય વિભાગ પણ સાબદુ થઈ ગયું છે. પાટનગરવાસીઓમાં કોરોના પગલે ભય ફેલાયો છે. ત્યારે હોળી-ધુળેટીના પર્વ પછી કોરોનાના રેપીડ ટેસ્ટ કરાવવા માટે સેકટર-૨૧, સેકટર-૨૪, સેકટર-૨૮ અને સેકટર-૨૯ સહિત સચિવાયલ ખાતે નાગરીકોની ભારે ભીડ જામી હતી. તંત્ર દ્વારા માત્ર એક જ દિવસમાં ૬૧૯ નાગરીકોના રેપીડ ટેસ્ટ કરાયા હતા. જયારે કોરોનાના ૨૬ કેસ પોઝીટીવ આવતા તંત્ર પણ હરકતમાં આવી ગયું છે.

શહેરમાં કોરોના સંક્રમણના કેસ રોજ બરોજ વધી રહ્યા છે. શહેરમાં કોવીડના વધી રહેલા કેસને પગલે નાગરીકોમાં પણ ડર જોવા મળી રહ્યો છે. હોળી-ધુળેટીના તહેવાર બાદ ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા તૈયાર કરવામાં આવેલા રેપીડ ટેસ્ટના સ્થળ પર આજે વહેલી સવારથી જ નાગરીકોની લાંબી કતારો જોવા મળી હતી. ટેસ્ટ માટે ખાસ કોઈ વ્યવસ્થા ન હોવાથી સોશ્યલ ડિસ્ટન્સ પણ નહીવત જોવા મળી રહ્યું હતું. છેલ્લા પખવાડીયાથી વધી રહેલા કોવીડ કેસને પગલે તંત્ર પણ ચોંકી ઉઠ્યું છે તો બીજીતરફ શહેરના નાગરીકો સતર્કતાથી પોતાની કામગીરી કરી રહ્યા છે. તેમ છતા આજે ૨૬ કેસ કોરોના પોઝીટીવના નોંધાયા છે. તો બીજીતરફ શહેરના વિવિધ મનપા દ્વારા ઉભા કરવામાં આવેલા રેપીડ ટેસ્ટના સ્થળે સવાર ૧૧ થી ૫ સાંજ સુધીમાં ૬૧૯ નાગરીકોના રેપીડ ટેસ્ટ કરાયા છે.

જન્મદિને વધામણી

રૂદ્ર મીતેષ મોદી
મો. ૮૪૦૧૮ ૬૩૨૨૯

વાવોલ - પુન્દ્રાસણ માર્ગ પર વાહનની ટક્કરે એકટીવા ચાલક ઈજાગ્રસ્ત

ગાંધીનગર, તા.૩૦

વાવોલ-પુન્દ્રાસણ રોડ પર અજાણ્યા વાહન ચાલકે અડફેટે લેતા વાવોલ ગામના આધેડને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી છે. ઈજાગ્રસ્તને તાત્કાલીક ૧૦૮ દ્વારા સારવાર માટે ગાંધીનગર સિવિલ અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ લઈ ગયા હતા. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધાતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ વાવોલ તરપોજ વાસ ખાતે રહેતા ૫૫ વર્ષિય વાસુદેવભાઈ સોમાભાઈ રામી પરિવાર સાથે વાવોલમાં જ રહે છે અને ફુલોનો વેપાર કરે છે. રવિવારના રોજ સવારે તે એકટીવાને લઈને વાવોલ પુન્દ્રાસણ માર્ગ પર આવેલા ખોડીયાર ધામમાં ફુલ આપવા માટે નીકળયા હતા. આ સમયે અજાણ્યા વાહન ચાલકે એકટીવાને ટક્કર મારી હતી. જેમાં માર્ગ પર પટકાયેલા વાસુદેવભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોચી હતી.અકસ્માતને પગલે એકઠા થયેલા સ્થાનિક નાગરીકોએ ૧૦૮ બોલાવી ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ ગયા હતા. પ્રાથમિક સારવાર બાદ તેઓને વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ લઈ ગયા હતા. વાસુદેવભાઈ એ લગ્ન કરેલ ન હોવાથી તેઓ પોતાના મોટાભાઈ નટવરભાઈ રામી સાથે રહે છે. બનાવ અંગે જાણ કરતા નટવરભાઈ રામી અમદાવાદ સિવિલ દોડી પહોચ્યા હતા. જયારે નાના ભાઈ બેભાન હાલતમાં એડમીટ જોવા મળ્યા હતા. બનાવ અંગે અજાણ્યા વાહન ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

કુડાસણ સ્થીત કાનમ રેસીડન્સી-૧ ખાતે જીલ્લા આરોગ્ય તંત્ર જીલ્લા પંચાયત દ્વારા કોવીડ-૧૯ રસીકરણનો કેમ્પ આયોજીત થઈ ગયો. જેમાં સોસાયટીના સભ્યો તેમજ આજુબાજુની સોસાયટીમાંથી લાભાર્થીઓએ રસીકરણનો લાભ લીધો હતો.

આઈઆઈટીઈએ ભોજન બિલ પરત કરતાં એબીવીપીએ આભાર વ્યકત કર્યો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરના સેકટર-૧૫ ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટીચર એજયુકેશન ખાતે સેન્ટર ઓફ એકસેલન્સના હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓ જેમાં ઓબીસી, એસસી, એસટી, ઈબીસી અને મધ્યમવર્ગ પરિવારમાંથી આવતા હોય તેવા વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓને લોકડાઉનના સમયના ૫૭ દિવસના ભોજનનું બિલ પરત અપાવવા અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા આંદોલન ચલાવવામાં આવ્યું હતું જેને અનુલક્ષીને આઈઆઈટીઈ દ્વારા ભોજન બિલની રકમ વિદ્યાર્થીઓને પરત કરવામાં આવી હોવાનું એબીવીપીના પ્રમુખ દિનેશ ચોચાએ જણાવ્યું હતું. તેમના જણાવ્યા અનુસાર લોકડાઉનના સમયમાં આ બાબતે એબીવીપીના મંત્રી વેદાંત પંડયા અને ઉપપ્રમુખ પૃથ્વીરાજસિંહ ગોહિલે અન્ય વિદ્યાર્થીઓ સાથે મળીને આવેદનપત્રો આપ્યા હતા અને આ લડત કેમ્પસથી લઈને પોલીસ સ્ટેશન સુધી વિદ્યાર્થીઓ લાવ્યા હતા જેના પરિપાકરૂપે આઈઆઈટીઈ સંચાલકો દ્વારા તેમની માંગ સ્વીકારીને ભોજનાબિલ પરત કરતા એબીવીપીએ તેમનો આભાર વ્યકત કર્યો છે.

સે-૭-એ ખાતે વસાહત મંડળ દ્વારા હોલિકા દહન

ગાંધીનગર, તા.૩૦

સે-૭-એમાં ૨૦ વર્ષથી આયોજાતી પરંપરાગત હોલિકા દહનનો કાર્યક્રમ ભાવપૂર્ણ વાતાવરણમાં સરકારની માર્ગદર્શિકા અનુસાર યોજાયો હતો. આ વર્ષે લાકડાની સાથે ગાયોના છાણમાંથી બનાવેલી સ્ટીકનો ઉપયોગ કર્યો હતો. હોલિકા દર્શન માટે સે-૭-એના વસાહતીઓ તથા સરકારી ફલેટના વસાહતીઓ પણ મોટી સંખ્યામાં જોડાયા હતા. મનપાના ડેપ્યુટી મેયર નાઝાભાઈ ઘાંઘરે પણ દર્શનનો લાભ લીધો હતો. સમગ્ર આયોજનને સફળ બનાવવા વસાહત મંડળના શિવાભાઈ પટેલ, જશવંતભાઈ ગાંધી, અમૃતભાઈ પટેલ અને કારોબારી સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

શહેર પેન્શનર સમાજની બેઠક મોકુફ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેર પેન્શનર સમાજની દર માસે યોજાતી કાર્યવાહક સમિતિની બેઠક કોરોનાના વધતા સંક્રમણના પગલે મોકુફ રાખવામાં આવી છે. જયાં સુધી સંક્રમણ હળવું ના થાય ત્યાં સુધી બેઠકો મોકુફ રહેશે.

ગાંધીનગર જૈન સોશિયલ ગૃપના નવ નિયુકત પદાધિકારીઓનો શપથવિધિ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જૈન સોશિયલ ગૃપના નવા વર્ષના પદાધિકારીઓ અને કારોબારી સભ્યોનો શપથવિધિ સમારોહ ધુળેટીના પાવન દિને જૈન અપાશ્રય ખાતે સાદગીથી યોજાયો હતો. કાર્યક્રમના પ્રારંભે નવકારમંત્ર અને મંગલ પ્રાર્થના સાથે દિપ પ્રાગટય કરાયું હતું. વિદાય લેતા પ્રમુખ શ્રી મધુસુદનભાઈ વોરાએ ગયા વર્ષની એમની ટીમ દ્વારા કરાયેલ કામોનો અહેવાલ રજુ કર્યો હતો અને ગાંધીનગર જૈન સોશ્યલ ગ્રુપને મળેલ બે મહત્વના એવોર્ડની વિગતો જાહેર કરી હતી. નવનિયુકત પ્રમુખ કૌશિકભાઈ શાહે આગામી વર્ષના કાર્યક્રમો માટે સૌના સહયોગની અપેક્ષા વ્યકત કરી હતી. સંસ્થાના

પૂર્વપ્રમુખ અરવિંદભાઈ શાહે નવ નિયુકત પદાધિકારીઓને સરળ અને રસપ્રદ શૈલીમાં શપથવિધિ કરાવ્યા હતા.

નવનિયુકત પદાધિકારીઓમાં પ્રમુખપદે કૌશિકભાઈ શાહ, ઉપપ્રમુખ તરીકે ભરતભાઈ કોટડીયા અને હિતેન્દ્રભાઈ શાહ, સેક્રેટરી તરીકે જાગૃતિબેન લાખાણી, જોઈન્ટ સેક્રેટરી તરીકે મીરાબેન વ્હોરા અને મિતેશભાઈ શાહ, ખજાનચી તરીકે નિતિનભાઈ સંઘવી અને સહ ખજાનચી તરીકે દિનેશભાઈ શાહની વરણી કરાઈ હતી. પૂર્વપ્રમુખ સર્વશ્રી મધસુદન વોરા, આર.ડી. ગાંધી, અરવિંદભાઈ શાહ તથા વી.વી. શાહની સલાહકાર સમિતિમાં નિયુકિત કરાઈ હતી. આ સમારોહમાં પારસ સંઘવી, નિતીકા શાહ, જાગૃતિબેન સંઘવી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન હિતેશભાઈ કોઠારીએ સંભાળ્યું હતું.

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના દ્વારા સ્પેશિયલ ચિલ્ડ્રન હોમના એચ.આઈ.વી પોઝીટીવ બાળકો સાથે હોળીની ઉજવણી

ગાંધીનગર, તા.૩૦

શહેરમાં પર્વો પ્રસંગોએ લાયન્સ કલબ ઓફ ફેમીના દ્વારા સ્પેશિયલ ચિલ્ડ્રન હોમને ૩ મહીના ચાલે એટલા દાળ, ચોખા, તેલ વગેરેનું અનુદાન આપવામાં આવ્યુ. આ ઉપરાંત રસોઈના વાસણો ચુલાની ભેટ પણ આપવામાં આવી. ખજૂર, ધાણી, ચોકલેટ્સ વગેરે આપી બાળકોની સાથે રંગોથી હોળી રમી ફેમીના લાયન્સના સભ્ય બહેનોએ બાળકોને આનંદ કરાવ્યો હતો. કુસુમબેન જોષીએ પ્રાર્થના અને વાર્તા દ્વારા હોળીનું મહત્વ બાળકોને સમઝાવ્યું હતું. કાનનબેન, રૂપલબેન, ભૂમીબેન દ્વારા બાળકોને રમતો રમાડવામાં આવી

હતી. લગભગ ત્રણ કલાક જેવો સમય બાળકો સાથે વીતાવી કલબ દ્વારા ગરમ નાસ્તો પીરસવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં લાયન્સ કલબ ફેમીના ના સભ્ય બહેનોએ મોટી સંખ્યામાં હાજરી આપી ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમને જીવંત બનાવ્યો હતો. સ્પેશિયલ હોમના સ્ટાફ મિત્રોના સુંદર સહકાર બદલ પ્રમુખ મમતા રાવલે સહુનો આભાર માન્યો હતો.

ગાંધીનગરની ગુજરાત ઈન્સ્ટીટયુટ ઓફ એમેચ્યોર રેડિયો (GIAR) ટીમે હીલટોપ કન્ટેન્સ્ટમાં ભારતમાં બીજું સ્થાન પ્રાપ્ત કર્યું

ગાંધીનગર, તા.૩૦

એમેચ્યોર રેડિયો સોસાયટી ઓફ ઈન્ડિયા (ARSI) દ્વારા દર વર્ષે ફેબ્રુઆરી માસની ૨૭ અને ૨૮ તારીખે હીલટોપ કન્ટેન્સ્ટ યોજાય છે. આ સ્પર્ધામાં ભારતના જુદા જુદા રાજ્યોની હેમ રેડિયોની ટીમ તેમના પ્રદેશના કોઈ પર્વત/ડુંગર પર જઈ હેમ રેડીયો સ્ટેશન ઉભું કરી દેશ/વિદેશના હેમ રેડીયો સ્ટેશન સાથે સંપર્ક કરતા હોય છે. આ સ્પર્ધામાં જુદા જુદા રાજ્યોની ૪૨ જેટલી હેમ રેડીયો ક્લબ/ટીમો એ ભાગ લીધો હતો.

ગાંધીનગર ખાતે સેકટર-૨૩,ખાતે આવેલ ગુજરાત ઈન્સ્ટીટયુટ ઓફ એમેચ્યોર રેડિયો સંસ્થાની ટીમે ભાગ લીધો હતો. જેમાં સમગ્ર દેશમાંથી ગાંધીનગરની ટીમે સૌથી વધુ રેડીયો સંપર્કો કરવામાં બીજું સ્થાન મેળવ્યું હતું.

સૌથી વધુ ૩૦૪૮ પોઈન્ટ સાથે દક્ષિણ ભારતનું સ્ટેશન પ્રથમ સ્થાને રહ્યું હતું. જયારે ૨૩૫૫ પોઈન્ટ સાથે ગાંધીનગરની ગુજરાત ઈન્સ્ટીટયુટ ઓફ એમેચ્યોર રેડિયોએ બીજું સ્થાન મેળવ્યું હતું. GIAR ના ચેરમેન એસ.કે. નંદા તથા વાઈસ ચેરમેન શ્રી ઈ.રાધાકૃષ્ણને હીલટોપની ટીમ અને GIARના સભ્યોને અભિનંદન પાઠવ્યા હતા.

અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી ખાતે ઈ એકસપર્ટ ટોકનું આયોજન

ગાંધીનગર, તા.૩૦

અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયો રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ તરફ થી તા ૩૦/૦૩/૨૦૨૧ ના રોજ કોમ્પ્યુટેશનલ એપ્રોચ ઈન ડ્રગ ડિઝાઈન વિષય ઉપર e Expert Talk નું આયોજન કરવામાં આવ્યું હતું, આ ટોકનું આયોજન માઈક્રોસોફ્ટ ટીમના માધ્યમથી ઓનલાઈન કરવામાં આવ્યું હતું. આ વિષયની પ્રસ્તુતિ માટે વક્તા તરીકે કુમારી ડો. કૈલાશ પરમાર (Director Pharmace Research Laboratory) ને આમંત્રિત કરાયા હતા. કોલેજના ઉપાચાર્ય ડો.દિવ્યકાંત પટેલે આમંત્રિત મહેમાનને આવકાર્યા હતા.

આ વ્યાખ્યાનનો મુખ્ય હેતુ ઉપર દર્શાવેલ વિષય ઉપર



ઊંડાણમાં માહિતી આપવાનો હતો. જેના અંતર્ગત વપરાશમાં આવતી વિવિધ પધ્ધતિઓ જેવી કે હાઈથ્રૂપુટ સ્ક્રીનીંગ, ડોકીંગ, મોલેક્યુલર મોડલિંગ નો સોલીડ બેઝડ ડ્રગ ડિઝાઈન વપરાશ કેમ કરવામાં આવે છે અને કેવી રીતે થાય છે તેની જાણકારી અપાઈ હતી. કોમ્પ્યુટરના વપરાશ દ્વારા ડ્રગ ડિઝાઈન કેટલી સરળ રીતે થઈ શકે છે તથા તેમાં વપરાતા વિવિધ સૉફ્ટવેર કેવી રીતે કાર્ય કરે છે તેવી વિસ્તૃત ચર્ચા કરાઈ હતી.

આ ઉપરાંત QSAR , QPAR નું વિવિધ કોમ્પ્યુટર બેઝડ સૉફ્ટવેર દ્વારા સરળ રીતે મોલેક્યુલર સ્ટ્રકચર તથા પ્રોટીનની મોઈટી ઓળખી શકાય છે તે અંગેના વિવિધ મુદ્દાઓની બારીક છણાવટ કરાઈ હતી. આ વ્યાખ્યાનના અંતે વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ ઉત્સાહપૂર્વક પ્રશ્નો પૂછ્યા હતા. જેનો આમંત્રિત મહેમાન દ્વારા સંતોષકારક જવાબ અપાયો હતો. આ વ્યાખ્યાનમાં કુલ મળીને ૭૮ – ૮૫ જેટલા પાર્ટીસિપન્ટસે ભાગ લીધો હતો.

ચિરવિદાય

● મુકિતધામ ●

તા. ૨૯/૩/૨૦૨૧

- સ્વ. ચાંદલેકર પાંડુરાવ શંકરરાવ
  ઉ.વ. ૭૯, સેકટર-૨૬
- સ્વ. રાવલ નરેન્દ્રકુમાર ડાહ્યાલાલ
  ઉ.વ. ૬૧, મોટા ચિલોડા
- સ્વ. પરમાર વેરસીભાઈ રામસંગભાઈ
  ઉ.વ. ૭૭, પ્રતાપનગર, માણસા
- સ્વ. પટેલ હીરાબેન રેવાભાઈ
  ઉ.વ. ૮૫, દેલવાડ, માણસા
- સ્વ. મકવાણા શનાજી છગનજી
  ઉ.વ. ૬૧, સેકટર-૫
- સ્વ. મકવાણા તેજલબેન શંભુજી
  ઉ.વ. ૫૨, ઈન્દ્રોડા

તા. ૩૦/૩/૨૦૨૧

- સ્વ. તિવારી શિવસાગર ગુજરાતીપ્રસાદ
  ઉ.વ. ૭૦, વાવોલ
- સ્વ. પટેલ અંજનાબેન શાંતિલાલ
  ઉ.વ. ૬૮, સેકટર-૮
- સ્વ. યાદવ જગદીશ રામચંદ્ર
  ઉ.વ. ૭૨, સરગાસણ
- સ્વ. છાયા અરવિંદભાઈ સોમચંદ
  ઉ.વ. ૮૩, સેકટર-૫
- સ્વ. ડાભી કમળાબેન હેમતુજી
  ઉ.વ. ૬૯, પેથાપુર
- સ્વ. ઠાકોર કંકુબેન બળદેવજી
  ઉ.વ. ૭૪, સબાસકુલ, કલોલ
- સ્વ. રાવલ ભરતકુમાર રમણીકલાલ
  ઉ.વ. ૬૪, રાજકોટ
- સ્વ. પ્રજાપતિ સુરેન્દ્રભાઈ ડાહ્યાભાઈ
  ઉ.વ. ૭૦, સેકટર-૩૦
- સ્વ. રાવળ ચતુરભાઈ મેવાભાઈ
  ઉ.વ. ૭૦, સેકટર-૬
- સ્વ. ડાભી રાજેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ
  ઉ.વ. ૫૩, બોરીજ

● રુદ્રભૂમિ અંતિમધામ ●

- સ્વ. શાહ ચંદ્રકાન્ત જેઠાલાલ
  ઉ.વ. ૭૫, સેકટર-૪
- સ્વ. પ્રજાપતિ નટવરભાઈ મફતલાલ
  ઉ.વ. ૬૭, કુડાસણ
- સ્વ. મહેતા સુરેશભાઈ મણીલાલ
  ઉ.વ. ૭૮, સેકટર-૨૪
- સ્વ. માંકડીયા પાર્વતીબન ભાણપભાઈ
  ઉ.વ. ૮૫, કુડાસણ
- સ્વ. પટેલ આત્મારામ રામદાસ
  ઉ.વ. ૮૫, ખોરજ
- સ્વ. મહેતા નીતિબેન રાજેન્દ્રકુમાર
  ઉ.વ. ૭૧, સેકટર-૫
- સ્વ. પટેલ કમળાબેન અંબાલાલ
  ઉ.વ. ૮૦, વાવોલ

શહેરમાં ચુંટણીઓ રદ કરાવવા વેગ પકડતું વસાહત મહાસંઘનું આંદોલન

કોરોના કાળની અત્યાર સુધીની સૌથી વિકટ પરિસ્થિતિ છતાં ચુંટણીઓ યોજવા પાછળ સરકારની સત્તા લાલસા : વસાહત મહાસંઘ : શહેરની અગ્રણી સંસ્થાઓએ પણ વસાહત મહાસંઘના આંદોલનને અનુમોદન આપ્યાનો દાવો

ગાંધીનગર, તા.૩૦

ગાંધનગર શહેરમાં કોરોના વિસ્ફોટ થયો છે, સચિવાલયથી લઈને સર્કીટ હાઉસ, યુનિવર્સિટીથી લઈને રહેણાંક વિસ્તારોમાં ઝડપથી કોરોના પોઝિટીવ કેસોની સંખ્યા વધી રહી છે. ત્યારે બીજી તરફ શહેરમાં ચુંટણીઓનું આયોજન હાથ ધરવામાં આવેલું હોવાથી આગામી દિવસોમાં રાજકીય પક્ષોની રેલી-સભા-સરઘસો યોજાશે તો કોરોના નિયંત્રણ બહાર થઈ શકે છે. નગરિકોના જીવના જોખમે પણ ચુંટણીઓ યોજવા જીતે ચઢેલી સરકાર સામે છેલ્લા કેટલાંક દિવસોથી ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા સતત વિરોધ પ્રગટ કરવામાં આવી રહ્યો છે અને મહાસંઘ દ્વારા હવે શહેરના નાગરિકોને મતદાનથી અળગા રહેવા અપીલ કરવામાં આવી રહી છે જેને હવે શહેરની અન્ય સંસ્થાઓએ પણ સમર્થન આપવા માંડયુ છે જેના પગલે આગામી દિવસોમાં મહાસંઘનું આંદોલન વધુ વેગ પકડી શકે છે. આ સાથે મહાસંઘે નાગરિકોને કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું ગંભીરતાપૂર્વક પાલન કરવા અને સ્વૈચ્છિક કરફર્યુ પાળવા અપીલ કરી છે.

ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણીઓ મુલત્વી રાખીને વહીવટદાર નીમવાની માંગ સાથે શહેર વસાહત મહાસંઘ દ્વારા રાજયના મુખ્યમંત્રી, મુખ્ય ચુંટણી કમિશનર, જિલ્લા કલેકટર, મેયર અને મ્યુનિસિપલ કમિશનર સુધ્ધાંને આવેદનપત્ર આપવામાં આવ્યું હોવા છતાં ચુંટણીની તારીખો જાહેર કરવામાં આવી દેવાતાં આશ્ચર્ય વ્યાપ્યું હતું. આ દરમિયાન શહેરમાં કોરોના વાયરસનું સંક્રમણ અત્યંત તેજ ગતિએ વધી જવા પામ્યું છે અને કોરોનાકાળની અત્યાર સુધીની સૌથી જોખમી સ્થિતિમાં શહેર હોવા છતાં શહેરમાં ચુંટણી યોજવા સરકાર મકકમ છે તે દર્શાવે છે કે સરકારને નાગરિકોના સ્વાસ્થ્ય કરતા વધારે સત્તા મહત્વની જણાછે પરંતુ અમે સરકારને પણ ચુંટણીઓ રદ કરી શહેરના વહીવટ માટે વહીવટદાર નીમવા અને જો સરકાર ચુંટણીઓ રદ ના કરે તો નાગરિકોએ ખાસ કરીને સિનિયર સિટીઝન્સે મતદાનથી અળગા રહેવા અમે અપીલ કરી રહ્યા છીએ તેવું શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેસરીસિંહ બિહોલાએ જણાવ્યું હતું. આ સાથે તેમણે જો સરકાર હજુ પણ ચુંટણીઓ રદ કરવા માનશે નહીં તો આગામી સમયમાં આંદોલનને વધુ તેજ બનાવાશે માટે વસાહત મહાસંઘને શહેરની અનેક નાગરિક લક્ષી સંસ્થાઓએ પડખે હોવાની હૈયાધારણ આપી છે.

શહેરની નાગરિક લક્ષી મુખ્ય સંસ્થાઓનું અનુમોદન

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના ચુંટણી મુલત્વી રાખવાના આંદોલનને શહેરની પ્રમુખ નાગરિકલક્ષી સ્વૈચ્છિક સંસ્થાઓ જેવી કે શહેર વસાહત મહામંડળ, જાગૃત નાગરિક પરિષદ, પેન્શનર્સ સમાજ, સિનિયર સિટીઝન્સ કાઉન્સિલ, જયોતિ મહિલા મંડળ, ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશન, એન્જિનીયર્સ એસોસિએશન તથા શહેર વહેપારી મંડળ વગેરેએ અનુમોદન આપ્યું હોવાનું વસાહત મહાસંઘના પ્રમુખ કેસરીસિંહ બિહોલાએ જણાવ્યું છે.

૩ હજારથી વધુ પોસ્ટકાર્ડ લખી વિરોધ કરાશે

શહેર વસાહત મહાસંઘ દ્વારા શહેરના વડીલો સહિતના તમામ મતદાતાઓને પોતાના સ્વાસ્થ્યને અનુલક્ષીને વધતા કોરોના સંક્રમણને કારણે ચુંટણીથી દુર રહેવા અને મતદાનથી અળગા રહેવા અપીલ કરવામાં આવી રહી છે. આગામી સમયમાં વસાહત મહાસંઘ દ્વારા શહેરના નાગરિકો દ્વારા રાજયના મુખ્યમંત્રી તેમજ મુખ્ય ચુંટણી કમિશનરને પોસ્ટકાર્ડ લખીને ચુંટણીનો વિરોધ નોંધાવવા અપીલ કરાશે જે અંતર્ગત અંદાજે ૩ હજારથી વધુ પોસ્ટકાર્ડ લખવામાં આવશે તેવું મહાસંઘના પ્રમુખે ગાંધીનગર સમાચારને જણાવ્યું હતું.